# ઓટો રીક્ષામા બેસાડી મોબાઇલ પડાવતા ઇસમોને પકડી પાડતી ડીંડોલી પોલીસ

શરીર સંબંધીના અનડીટેકટ ગુન્હાઓ તથા મોબાઇલ ચોરી શોધી કાઢવા ડીંડોલી પો.સ્ટે વિસ્તારમાં ડીંડોલી પો.સ્ટે.ના પોલીસ માણસોની ટીમ બનાવી પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન આરોપી (૧) તસ્લીમ અલ્લાઉદ્દીન શેખ ઉ.વ.૪૦ ધંધો રી.ડ્રા. રહે.ડિંડોલી ભેસ્તાન આવાસ બીલ્ડીંગ નં A/1 રૂમ નં ૩, ડિંડોલી સુરત શહેર (૨) સમશેર ગફ્ફાર શેખ ઉ.વ.૨૪ ધંધો રી.ડ્રા.રહે.બિલ્ડીંગ નં A/64 રૂમ નં. 3, ડિંડોલી ભેસ્તાન આવાસ સુરત શહેરનો હોવાનુ જણાવેલ તથા રીક્ષાની ડાબી બાજુ બેસેલ ઇસમનુ નામ પુછતા તેણે પોતાનુ નામ (૩) અમીરખાંન હીદાયતખાન પઠાણ ઉ.વ.૨૪ ધંધો મજુરી રહે.બિલ્ડીંગ નં C/41 રૂમ નં. 8, ભેસ્તાન ડિંડોલી આવાસ સુરત નાઓએ પકડી તેમના કબ્જામાંથી અલગ અલગ કંપનીના મોબાઇલ નંગ-૧૪ જેની કિંમત રૂપિયા ૫૧,૬૦૦/- તથા એક ઓટો રીક્ષા રજી.નંબર GJ-05-ZZ-6346 જેની કિં.રૂ.૪૫,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૯૬,૬૦૦/- નો મુદ્દામાલ ઉપરોકત જણાવેલ વિગતે CRPC કલમ -૧૦૨ મુજબ પંચનામાની વિગતે વધુ તપાસ અર્થે કબ્જે કરી સદર ઇસમને CRPC કલમ – ૪૧(૧)ડી મુજબ આજરોજ તા.૨૧/૦૭/૨૦૧૭ નાં રોજ કલાક:-૧૯/૩૦ વાગે અટકાયત કરી તેઓની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. સદર ઇસમોની વધુ પુછ પરછ કરતા ઉપરોક્ત તમામ મોબાઇલ સુરત શહેરના અલગ અલગ વિસ્તારમાંથી ઓટો રીક્ષામા પેસેન્જરો બેસાડી તેમની નજર ચુકવી પડાવી લીધેલાનુ જણાવે છે.